For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

### મહેસૂલ વિભાગનો મોટો નિર્ણય : હવે જાહેર વિસ્તારના 500 મીટરના પેરિફેરીમાં પણ મિલકત લે-વેચ પર પ્રતિબંધ

# ભાયલીના ટીપી 3 અને 4 વિસ્તારમાં 'અશાંત ધારો' લાગુ કરાયો

**જે.પી.** રોડ પોલીસ સ્ટેશન હેઠળના ટી.પી. 3 અને 4 ના સેંકડો બ્લોક નંબરોનો નવા જાહેરનામામાં સમાવેશ

**કલેક્ટરની** પૂર્વ મંજૂરી વિના મિલકત ટ્રાન્સફર કરવા પર રોક, પાંચ વર્ષ સુધી નિયમો અમલી રહેશે

(પ્રતિનિધિ) વડોદરા. તા.2

વડોદરાના ઝડપથી વિકસતા ભાયલી અને વા વિસ્તારમાં સ્થાવર મિલકતોના સોદા કરતા પહેલા હવે સો વાર વિચારવો પડશે. ગુજરાત સરકારના મહેસૂલ વિભાગે એક મહત્વપૂર્ણ સુધારા જાહેરનામા (GHM/2026/M/61) દ્વારા જે.પી. રોડ પોલીસ સ્ટેશનના કાર્યક્ષેત્રમાં આવતા વિસ્તારોમાં અશાંત ધારાની પકડ વધુ મજબૂત બનાવી છે. અગાઉ જાહેર કરાયેલા અશાંત વિસ્તારોની આસપાસની 500 મીટરની ત્રિજ્યામાં આવતા સેંકડો બ્લોક નંબરો અને ટી.પી. પ્લોટને આ કાયદાના દાયરામાં લાવી દેવાતા રિયલ એસ્ટેટ ક્ષેત્રે મોટા ફેરફારો જોવા મળશે.

સરકારના આ આદેશનો સીધો અર્થ એ છે કે હવે નિર્દિષ્ટ કરેલા વિસ્તારોમાં કોઈ પણ મિલકત માલિક કલેક્ટરની પૂર્વ મંજૂરી વિના દસ્તાવેજ કરી શકશે નહીં. 'અશાંત વિસ્તારોમાં સ્થાવર મિલકતની તબદીલી પર પ્રતિબંધ અને ભાડુઆતોને રક્ષણ આપવા બાબતના અધિનિયમ, 1991' હેઠળ લેવાયેલો આ નિર્ણય સામાજિક સંતુલન જાળવવા અને કોઈ પણ પ્રકારના દબાણવશ થતા મિલકત ટ્રાન્સફરને રોકવા માટે લેવાયો છે.

સરકારના આ કડક વલણથી વડોદરાના જે.પી. રોડ અને ભાયલી પંથકમાં મિલકતોના આડેધડ સોદાઓ પર બ્રેક લાગશે. સામાન્ય જનતા માટે આ રક્ષણાત્મક પગલું છે, જ્યારે કાયદાનું ઉલ્લંઘન કરનારા તત્વો માટે આ લાલબત્તી સમાન છે.

### ધારાસભ્ય શૈલેષ સોટ્ટાની રજૂઆત ફળી

ધારાસભ્ય શૈલેષ સોટ્ટાની રજૂઆતને પગલે વહીવટી તંત્રના ધ્યાને આવ્યું હતું કે મૂળ અશાંત વિસ્તારની સરહદને અડીને આવેલા વિસ્તારોમાં મિલકતોના સોદાઓમાં અસંગતતા જોવા મળી રહી હતી. 21 જાન્યુઆરી, 2025 ના મૂળ જાહેરનામામાં રહી ગયેલી ક્ષતિઓ સુધારીને સરકારે હવે 500 મીટરના 'બફર ઝોન'ને પણ આવરી લીધો છે. આ સુધારો 5 વર્ષના સમયગાળા માટે અમલી રહેશે, જેનો સીધો અર્થ છે કે આગામી વર્ષોમાં આ વિસ્તારોમાં વસ્તીના માળખામાં થતા કોઈ પણ ફેરફાર પર સરકારની સીધી નજર રહેશે.

### પ્રતિબંધાત્મક ટી.પી. સ્કીમ અને બ્લોક નંબરો

**ટી.પી. ૩ ના હોટસ્પોટ વિસ્તારો**

- » F.P. 1 થી 49 :- જેમાં બ્લોક નં. 336, 335, 301, 329, 313, 325, 324, 321, 291, 270 અને 225 જેવી પ્રાઇમ જમીનોનો સમાવેશ થાય છે.
- » F.P. 63 થી 110 :- આમાં હોસ્પિટલ વિસ્તાર, કેનાલ પાસેની જમીનો (બ્લોક નં. 289/અ, 310/ખ) અને રેસિડેન્શિયલ બ્લોક નં. 232, 236, 265, 282, 285 નો સમાવેશ થાય છે.
- » હાઉસિંગ બોર્ડ :- SEWS હાઉસિંગના મકાનો અને તેની આસપાસની ખુલ્લી જમીનો (બ્લોક નં. 288/ખ, 309/ખ) પણ હવે તપાસના દાયરામાં છે.

**ટી.પી. 4 ના રહેણાંક અને કોમર્શિયલ ઝોન**

- » F.P. 1 થી 27 :- ગાર્ડન પાસેના પ્લોટ, P.H.C. ગાર્ડન અને બ્લોક નં. 334, 341/ખ, 366, 361 જેવા વિસ્તારો.
- » F.P. 34 થી 183 :- SEWS હાઉસિંગના બ્લોક 435 સહિત બ્લોક નં. 417, 436, 151 અને 346 માં આવતી મિલકતો.

### નાગરિકોએ શું ધ્યાન રાખવું ?

જો તમારી મિલકત ઉપર જણાવેલા બ્લોક કે ટી.પી. નંબરમાં આવતી હોય, તો વેચાણ પૂર્વે જિલ્લા મેજિસ્ટ્રેટ/કલેક્ટરની મંજૂરી લેવી ફરજિયાત છે. મકાનમાલિકો મનસ્વી રીતે ભાડુઆતો પાસે જગ્યા ખાલી કરાવી શકશે નહીં. ખરીદદારોએ મિલકત ખરીદતા પહેલા તે 'અશાંત ધારા' હેઠળ આવે છે કે કેમ તેની ચકાસણી સિટી સર્વે ઓફિસમાં કરી લેવી હિતાવહ છે.

### કલેક્ટર કચેરીએ 'ન્યાય'ની પોકારની આવેદનપત્ર આપી રજૂઆત

## તાંદલજામાં અશાંત ધારાના કથિત દુરુપયોગ મુદ્દે રહીશોમાં ભારે રોષ

(પ્રતિનિધિ) વડોદરા તા.2

વડોદરાના પશ્ચિમ વિસ્તારમાં આવેલા તાંદલજામાં અશાંત ધારા હેઠળ અપાયેલી પરવાનગીને લઈને ફરી વિવાદ ઊભો થયો છે. એક વિવાદાસ્પદ જમીન મામલે સ્થાનિક રહીશોમાં ભારે અસંતોષ ફાટી નીકળ્યો છે. ગુરુવારે મોટી સંખ્યામાં લોકો કલેક્ટર કચેરીએ પહોંચી જિલ્લા કલેક્ટરને આવેદન પત્ર આપી આ હુકમ તાત્કાલિક રદ કરવાની માંગ કરી હતી.

સ્થાનિકોના જણાવ્યા અનુસાર, જે જમીન માટે પરવાનગી આપવામાં આવી છે તેની આસપાસ મુખ્યત્વે હિન્દુ પરિવારો વસે છે. રસ્તાની બીજી બાજુ મુસ્લિમ વસ્તી હોવા છતાં આ ચોક્કસ વિસ્તાર હિન્દુ વસ્તી ધરાવે છે. રહીશોનો આક્ષેપ છે કે અશાંત ધારાની જોગવાઈઓનો ખોટો ઉપયોગ કરીને એક પક્ષને લાભ આપવામાં આવ્યો છે, જે વહીવટી ભૂલ ગણાય છે. આવેદન પત્રમાં રહીશોએ જણાવ્યું કે જો આ જમીન પર અન્ય સંપ્રદાયના લોકો વસવાટ કરશે તો ભવિષ્યમાં સામાજિક તણાવ સર્જાઈ શકે છે. વસ્તીનું સંતુલન બગડવાથી કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ પર અસર પડશે તેવી ચિંતા વ્યક્ત કરવામાં આવી છે. રહીશોનું કહેવું છે કે આ પરવાનગી ખોટા ડેટાના આધારે આપવામાં આવી છે, તેથી તેની પુનઃ તપાસ કરવી જોઈએ. તેઓએ માંગ કરી છે કે આ મંજૂરી તાત્કાલિક રદ કરવામાં આવે અને જમીનનું મૂળ સ્વરૂપ જાળવી રાખવામાં આવે અથવા કાયદાકીય રીતે યોગ્ય નિર્ણય લેવાય. તેમ છતાં, રહીશોએ ચેતવણી આપી છે કે જો વહેલી તકે યોગ્ય પગલાં નહીં લેવાય તો આંદોલન વધુ ઉગ્ર બનશે.

### શહેર પાલિકાની 76 સીટ માટે ભાજપના 1434 કાર્યકર્તા મેદાને

# ભાજપની સેન્સ પ્રક્રિયા પૂર્ણ: ક્યાંક હિન્દુત્વ કાર્ડ તો ક્યાંક જીહજૂરીનો ખેલ

**સેન્સ** પ્રક્રિયાના અંતે મામલો પ્રદેશ દરબારમાં; ભાયલીમાં ધારાસભ્ય સામે રોષ અને 'જોવા જેવી થશે'ની ચીમકીથી રાજકારણ ગરમાયું

કયા વોર્ડમાં કેટલા દાવેદાર? જુઓ પેજ નં.2

(પ્રતિનિધિ) વડોદરા તા.2

વડોદરા મહાનગરપાલિકાની આગામી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ માટે ભાજપ દ્વારા હાથ ધરાયેલી 'સેન્સ પ્રક્રિયા'ના બીજા દિવસે રાજકીય ગરમાવો તેની ચરમસીમાએ પહોંચ્યો હતો. શહેરના ચારેય ઝોનમાં નિર્ધારિત કરવામાં આવેલા સ્થળોએ વહેલી સવારથી જ કાર્યકરોનો જાણે રાફડો ફાટ્યો હતો. ભાજપના નામે ચૂંટણી વૈતરણી તરી જવાની લ્હાયમાં વોર્ડ દીઠ 100થી વધુ કાર્યકરો ઉમટી પડતા વ્યવસ્થા જાળવવા માટે સંગઠનને ભારે કવાયત કરવી પડી હતી. બે દિવસની આ સઘન પ્રક્રિયા મોડી સાંજે પૂર્ણ થઈ છે અને હવે ઉમેદવારોના ભાવિનો ફેંસલો પ્રદેશ સમિતિના દરબારમાં થશે.

પશ્ચિમ ઝોનમાં ટિકિટ મેળવવા માટે સૌથી વધુ ખેંચતાણ જોવા મળી રહી છે. ખાસ કરીને વોર્ડ નંબર 9માં રેકોર્ડબ્રેક 95 દાવેદારોએ પોતાની દાવેદારી નોંધાવતા નિરીક્ષકો પણ વિચારતા થઈ ગયા હતા. 'નમો કમલમ' થી લઈને વિવિધ પાર્ટી પ્લોટ્સ પર ઉમેદવારોની લાંબી કતારો જોવા મળી હતી. આ વખતે ભાજપ હાઈકમાન્ડ દ્વારા ઉમેદવારની શૈક્ષણિક લાયકાત અને પાયાની સક્ષમતા પર વિશેષ ભાર મૂકવામાં આવી રહ્યો હોવાથી અનેક શિક્ષિત યુવાનો પણ મેદાનમાં ઉતર્યા છે. વોર્ડ નં.12માંથી એડવોકેટ હર્ષદ પરમારે પણ દાવેદારી નોંધાવી સેન્સ પ્રક્રિયામાં ભાગ લીધો હતો.

ગોકુળ પાર્ટી પ્લોટ ખાતે યોજાયેલી પ્રક્રિયામાં જિજ્ઞેશ કપાસની ખુલ્લી ચીમકી અને 'જોવા જેવી થશે' ના નારાઓએ સ્થાનિક રાજકારણમાં ભડકો કર્યો છે. ભાયલી વિસ્તારમાં ધારાસભ્ય સામે બગાવતના સૂર ઉઠતા સંગઠન સ્તરે ચિંતા વ્યાપી છે. બીજી તરફ, વોર્ડ-5 માં એક ધારાસભ્ય દ્વારા ખેલવામાં આવેલા 'આક્રમક હિન્દુત્વ કાર્ડ' ને કારણે નવા સમીકરણો રચાયા છે. આ સેન્સ પ્રક્રિયા દરમિયાન એક ચોંકાવનારી વાત એ વહેતી થઈ હતી કે, નિરીક્ષકોના આગમન પૂર્વે જ ભાજપના પૂર્વ વોર્ડ પ્રમુખો પર કેટલાક ચોક્કસ નામો જ રજૂ કરવા માટે દબાણ કરવામાં આવ્યું હતું. આ પાછળનું કારણ શું હોઈ શકે તે બાબતે કાર્યકરોમાં ગણગણાટ શરૂ થયો છે. કેટલાય 'લાગવગિયા' અને 'જીહજૂરિયા' કાર્યકરો જનતાના કામોને બદલે પોતાના 'ગોડફાધર'ના ભરોસે ટિકિટ મેળવવાની આશાએ બેઠા હોવાનું ચર્ચાઈ રહ્યું છે. વડોદરા ભાજપમાં જે રીતે દાવેદારોની ફોજ ઉમટી પડી છે, તેને જોતા ઉમેદવારોની પસંદગી કરવી હાઈકમાન્ડ માટે લોઢાના ચણા ચાવવા જેવી સાબિત થશે. વડોદરાની સેન્સ પ્રક્રિયાનો અહેવાલ હવે પ્રદેશ સમિતિને સોંપવામાં આવશે, જ્યાં આખરી 'મુરતિયાઓ' પર પસંદગીનો કળશ ઢોળવામાં આવશે.

### ભાયલીનો હોબાળો અને 'કપાસ'નો આક્રોશ

વડોદરા ભાજપની સેન્સ પ્રક્રિયામાં શાંતિપૂર્ણ માહોલ વચ્ચે વાસણા રોડ સ્થિત ગોકુળ પાર્ટી પ્લોટમાં જોરદાર હંગામો જોવા મળ્યો હતો. ભાયલીના અગ્રણી જિજ્ઞેશ પટેલ (ઉર્ફે કપાસ) એ મેદાનમાં ઉતરી ધારાસભ્ય શૈલેષ મહેતા (સોટ્ટા) સામે આકરા પ્રહારો કરતા રાજકીય ગરમાવો વધી ગયો છે. કાર્યકરોની હાજરીમાં જિજ્ઞેશ પટેલે ખુલ્લી ચીમકી ઉચ્ચારી હતી કે, જો ડિમ્પલ પટેલને ટિકિટ આપવામાં નહીં આવે તો આગામી સમયમાં પક્ષ માટે 'જોવા જેવી થશે'. ધારાસભ્ય સામેના આ પ્રચંડ આક્રોશ અને આંતરિક જૂથવાદને પગલે નિરીક્ષકો પણ ચોંકી ઉઠ્યા હતા. ટિકિટની ખેંચતાણમાં ભાયલીના આ વિવાદે હવે હાઇકમાન્ડ માટે નવી મૂંઝવણ ઉભી કરી છે.

### મંત્રીની અચાનક વિદાય: ચર્ચાનું કેન્દ્ર

સત્યમ પાર્ટી પ્લોટ ખાતે જ્યારે વોર્ડ 4, 5 અને 6 ની સેન્સ પ્રક્રિયા ચાલી રહી હતી, ત્યારે કેબિનેટ મંત્રી અને નિરીક્ષક નરેશ પટેલ પ્રક્રિયા અધવચ્ચે છોડીને રવાના થતા કાર્યકરોમાં કુતૂહલ સર્જાયું હતું. જોકે, પાછળથી સ્પષ્ટતા કરવામાં આવી હતી કે નવસારી ખાતે તેમના નિવાસે માતાજીનો પ્રસંગ હોવાથી તેઓ વહેલા નીકળ્યા હતા. તેમની ગેરહાજરીમાં બાકીના નિરીક્ષકોએ પ્રક્રિયા શાંતિપૂર્ણ રીતે પૂર્ણ કરી હતી.

### શિસ્ત-રસાકસી વચ્ચે 'નમો કમલમ'

વોર્ડ-19 માં 80 થી વધુ દાવેદારો હોવા છતાં તરસાલી ખાતે પ્રક્રિયા અત્યંત શાંતિપૂર્ણ રહી હતી, જે બદલ નિરીક્ષકોએ કાર્યકરોની શિસ્તને બિરદાવી હતી. બીજી તરફ, નવા ચહેરાઓને તક મળવાની અટકળોને કારણે જૂના જોગીઓમાં ફફડાટ જોવા મળી રહ્યો છે. વોર્ડ-7 માં મુકાબલો માત્ર વિરોધ પક્ષ સામે નથી, પરંતુ પક્ષની અંદર જ પોતાનું વર્ચસ્વ સાબિત કરવાનો મજબૂત જંગ ખેલાઈ રહ્યો છે.

### દિગ્ગજોની હાજરી અને સંગઠનનું સ્કેનિંગ

**વોર્ડ-19:** ધારાસભ્ય યોગેશ પટેલે હાજર રહીને સંગઠન શક્તિનું ઝીણવટભર્યું મૂલ્યાંકન કર્યું હતું.

**વોર્ડ-13 અને 18:** શૈલેન્દ્રસિંહ ઠાકોરે મજબૂત દાવેદારી નોંધાવી પોતાની તાકાત બતાવી હતી.

**દિગ્ગજ ચેહરા:** લાયન્સ ક્લબના ડિસ્ટ્રિક્ટ ગવર્નર દીપક સુરાણા અને પૂર્વ કાઉન્સિલર મનીષ પગારે પણ ટિકિટ માટે ઝંપલાવ્યું છે.

**નિરીક્ષણ:** છાણી ખાતે પૂર્ણેશ મોદીની હાજરીમાં સેન્સ લેવાની પ્રક્રિયા હાથ ધરાઈ હતી.

### શિનોર : 2 જિલ્લા પંચાયતની બેઠકો માટે 24 અને તાલુકા પંચાયત માટે 59 મુરતિયા

વડોદરા જિલ્લામાં આગામી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓને લઈને રાજકીય પારો ગરમાયો છે. ખાસ કરીને શિનોર તાલુકામાં ભાજપ દ્વારા ઉમેદવારોની પસંદગી માટેની કવાયત તેજ કરવામાં આવી છે. કરજણ નવાબજાર APMC ખાતે ગતરોજ યોજાયેલી સેન્સ પ્રક્રિયામાં દાવેદારોનો અભૂતપૂર્વ ઉત્સાહ જોવા મળ્યો હતો. આંકડાકીય દ્રષ્ટિએ જોઈએ તો સ્પર્ધા રસાકસી ભરી રહેવાના એંધાણ છે. શિનોર તાલુકા હસ્તકની જિલ્લા પંચાયતની 2 બેઠકો માટે કુલ 24 દાવેદારોએ પોતાની દબદબાભેર રજૂઆત કરી હતી. શિનોર તાલુકા પંચાયતની કુલ 16 બેઠકો માટે 59 જેટલા મુરતિયાઓએ ટિકિટની માંગ કરી છે.

### આંકડાકીય જંગ: કયા વોર્ડમાં કેટલી પડાપડી?

- પશ્ચિમ વડોદરામાં ટિકિટની હોડ સૌથી વધુ જોવા મળી રહી છે. આંકડાઓ પર નજર કરીએ તો:
- વોર્ડ નંબર 9: સૌથી વધુ 95 દાવેદારો (રેકોર્ડબ્રેક).
- વોર્ડ નંબર 8: 86 કાર્યકરોએ માંગી ટિકિટ.
- વોર્ડ નંબર 10: 81 દાવેદારો મેદાનમાં.
- વોર્ડ નંબર 6: કુલ 95 ઉમેદવારો (79 પુરુષ અને 16 મહિલા).
- વોર્ડ નંબર 7: 69 મુરતિયાઓએ સેન્સ પ્રક્રિયામાં દાવેદારી નોંધાવી

### પૂર્વ મેયર પિન્કીબેન સોની પર નિશાન: "અનુભવી હોત તો તકલીફ ઓછી પડત"

વડોદરા ભાજપની સેન્સ પ્રક્રિયામાં આંતરિક ખેંચતાણ હવે સપાટી પર આવી છે. પૂર્વ કોર્પોરેટર રાખીબેન શાહે પૂર્વ મેયર પિન્કીબેન સોનીના કાર્યકાળ પર આકરા પ્રહારો કરતા જણાવ્યું હતું કે, પિન્કીબેન પ્રથમ વખત કોર્પોરેટર બન્યા અને સીધા મેયર પદ પર બેસી ગયા, જેના કારણે તેઓ વહીવટી બાબતોને યોગ્ય રીતે 'ટેકલ' કરી શક્યા નહીં. યોગ્ય ગાઈડન્સના અભાવે જ તેમનો કાર્યકાળ વિવાદિત રહ્યો હોવાનો દાવો રાખીબેને કર્યો હતો. બીજી તરફ, જો પક્ષ 'નો-રિપીટ' થિયરી અપનાવે તો પોતાના જ પતિ માટે ટિકિટની દાવેદારી નોંધાવતા તેમણે ઉમેર્યું કે, "ટિકિટ ઘરમાં જ રહે તો કોઈ ફરક પડતો નથી." પૂર્વ સાથીના આ નિવેદને રાજકીય આલમમાં નવી ચર્ચા છેડી દીધી છે.

### એક બેઠક પર અનેક દાવેદારો, કાર્યાલયમાં ઉભા રહેવાની પણ જગ્યા નથી

## જિલ્લા ભાજપ કાર્યાલયમાં ટિકિટ વાંચ્છુઓનું કીડિયારું ઉભરાયું

(પ્રતિનિધિ) વડોદરા. તા.2

ચૂંટણીનો બ્યુગલ વાગતાની સાથે જ રાજકીય ગરમાવો ચરમસીમાએ પહોંચ્યો છે. વડોદરા જિલ્લા ભાજપ કાર્યાલય ખાતે આજે કંઈક એવા જ દ્રશ્યો જોવા મળ્યા જેણે સૌનું ધ્યાન ખેંચ્યું હતું. ટિકિટ મેળવવાની આશ સાથે આવેલા દાવેદારો અને તેમના સમર્થકોની ભીડ એટલી પ્રચંડ હતી કે જાણે ભાજપ કાર્યાલયમાં 'કીડિયારું' ઉભરાયું હોય તેમ લાગતું હતું. એક-એક બેઠક પર દાવેદારોનો લાંબો લિસ્ટ અને કાર્યકરોનો હુમલો જોતા સંગઠનના હોદ્દેદારો પણ અચંબિત થઈ ગયા હતા. દરેક દાવેદાર પોતાના શક્તિ પ્રદર્શન સાથે પહોંચ્યો હતો, જેના કારણે વાતાવરણમાં ભારે



ઉત્તેજના જોવા મળી હતી.

ભાજપના ગઢ ગણાતા વડોદરા જિલ્લામાં ટિકિટ મેળવવા માટે જાણે હોડ જામી છે. દરેક બેઠક દીઠ 10 થી વધુ (અંદાજિત) સક્ષમ દાવેદારોએ પોતાની દાવેદારી નોંધાવી છે. સંગઠનના ટેબલો પર બાયોડેટાની ફાઈલોના થપ્પા લાગી ગયા છે. માત્ર નામ જ નહીં, પણ પોતાની સાથે લાવેલા સમર્થકોની સંખ્યા બતાવીને દાવેદારો પોતાની લોકપ્રિયતા સાબિત કરવા મથતા દેખાયા હતા.

### કરજણ APMC ખાતે ભાજપનું ચૂંટણી મંથન, દાવેદારોનો જબરદસ્ત શક્તિપ્રદર્શન

સ્થાનિક સ્વરાજ્યની આગામી ચૂંટણીઓના પડઘમ વાગી રહ્યા છે ત્યારે કરજણ તાલુકામાં રાજકીય ગરમાવો ચરમસીમાએ પહોંચ્યો છે. કરજણ APMC (માર્કેટિંગ યાર્ડ) ખાતે આજે ભારતીય જનતા પાર્ટી દ્વારા જિલ્લા અને તાલુકા પંચાયતની બેઠકો માટે ઉમેદવારોની પસંદગી પ્રક્રિયા એટલે કે 'સેન્સ' લેવાનો કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે કરજણ બેઠક પર દાવેદારી કરવા ઈચ્છતા કાર્યકરોનો અભૂતપૂર્વ ઉત્સાહ અને ભીડ જોવા મળી હતી, જે ભાજપના મજબૂત સંગઠનની પ્રતીતિ કરાવતી હતી. આ સેન્સ પ્રક્રિયામાં પ્રદેશ ભાજપ દ્વારા નિમણૂક કરાયેલા નિરીક્ષક અને સુરતના પૂર્વ મેયર હેમાલીબેન બોઘાવાલા તેમજ સ્થાનિક ધારાસભ્ય અરવિંદભાઈ પટેલ (ડાભી) મુખ્યત્વે ઉપસ્થિત રહ્યા હતા. સવારથી જ APMCના હોલ બહાર દાવેદારો અને તેમના સમર્થકોના ટોળેટોળા ઉમટી પડ્યા હતા. નિરીક્ષકોએ એક-એક કાર્યકરની વાત શાંતિપૂર્ણ રીતે સાંભળી હતી અને તેમની જમીની સ્તરની સક્રિયતા તેમજ જ્ઞાતિગત સમીકરણો પર ભાર મૂક્યો હતો. હેમાલીબેન બોઘાવાલાએ જણાવ્યું હતું કે, કરજણના કાર્યકરોમાં જે જોમ અને જુસ્સો જોવા મળ્યો છે, તે સ્પષ્ટ કરે છે કે અહીં ભાજપનો ગઢ વધુ મજબૂત બની રહ્યો છે.

### રાહ જોઈ રહેલા વિદ્યાર્થીઓની આતુરતાનો અંત

## ધો.10-12 બોર્ડ પરીક્ષાનું રીઝલ્ટ મે મહિનામાં જાહેર થવાની સંભાવના

**6357300971** નંબર પર વોટ્સએપ મેસેજ મોકલી રીઝલ્ટ મેળવી શકાશે

(પ્રતિનિધિ) વડોદરા,તા.2

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ધોરણ 10 અને ધોરણ 12 બોર્ડ પરીક્ષાનું રીઝલ્ટ મે 2026 દરમિયાન જાહેર થવાની સંભાવના છે. રીઝલ્ટ જાહેર થયા બાદ વિદ્યાર્થીઓ સત્તાવાર વેબસાઈટ gseb.org પર પોતાના રોલ નંબર દ્વારા લોગિન કરીને રીઝલ્ટ ચકાસી શકશે અને માર્કશીટ પણ ડાઉનલોડ કરી શકશે.

ગુજરાત બોર્ડ દ્વારા ધોરણ 10 એસએસસીની પરીક્ષા 26 ફેબ્રુઆરીથી શરૂ થઈને 16 માર્ચ સુધી, ધોરણ 12 વિજ્ઞાન પ્રવાહની પરીક્ષા 26 ફેબ્રુઆરીથી 13 માર્ચ સુધી જ્યારે ધોરણ 12 સામાન્ય પ્રવાહની પરીક્ષા 26 ફેબ્રુઆરીથી 16 માર્ચ સુધી યોજાઈ હતી. હવે વિદ્યાર્થીઓ રીઝલ્ટની આતુરતાથી રાહ જોઈ રહ્યા છે. ગુજરાત બોર્ડ ધોરણ 10 નું રીઝલ્ટ મે 2026માં જાહેર થવાની શક્યતા છે. રીઝલ્ટ જાહેર થયા પછી વિદ્યાર્થીઓ સત્તાવાર વેબસાઈટ પર જઈને પોતાનું રીઝલ્ટ જોઈ શકશે. વિદ્યાર્થીઓ ઓનલાઈન પ્રોવિઝનલ માર્કશીટ ડાઉનલોડ કરી શકશે, પરંતુ શાળા દ્વારા આપવામાં આવતી ભૌતિક માર્કશીટ જ સત્તાવાર દસ્તાવેજ માનવામાં આવશે. રીઝલ્ટ ચકાસવા માટે વિદ્યાર્થીઓએ તેમની જીએસઈબી હોલ ટિકિટ તૈયાર રાખવી જરૂરી છે. ગુજરાત બોર્ડ ધોરણ 12 નું રીઝલ્ટ પણ મે 2026માં જાહેર થવાની સંભાવના છે. પરીક્ષા આપનારા વિદ્યાર્થીઓ વેબસાઈટ પર જઈને પોતાનું રીઝલ્ટ ચકાસી શકશે. ધોરણ 12નું રીઝલ્ટ વિજ્ઞાન પ્રવાહ તેમજ સામાન્ય પ્રવાહ માટે જાહેર કરવામાં આવશે. વિદ્યાર્થીઓ ઓનલાઇન માર્કશીટ ડાઉનલોડ કરી શકશે, પરંતુ સત્તાવાર માર્કશીટ શાળા દ્વારા જ આપવામાં આવશે. વિદ્યાર્થીઓએ તેમના રીઝલ્ટ ચકાસવા માટે તેમની હોલ ટિકિટ તૈયાર રાખવી આવશ્યક છે. ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ધોરણ 10 અને ધોરણ 12 નું રીઝલ્ટ સત્તાવાર વેબસાઈટ પર જાહેર કરવામાં આવશે. નોંધનીય છે કે, ગુજરાત બોર્ડ વોટ્સએપ દ્વારા પણ રીઝલ્ટ મેળવવાની સુવિધા આપે છે. વિદ્યાર્થીઓ 6357300971 નંબર પર વોટ્સએપ મેસેજ કરીને પોતાનો સીટ નંબર મોકલી શકે છે. ત્યારબાદ તેમને તેમના મોબાઈલ પર સીધું રીઝલ્ટ પ્રાપ્ત થશે.

### ચૂંટણી ઈફેક્ટ : GPSCની પરીક્ષા 26 એપ્રિલને બદલે હવે 3 મેના રોજ લેવાશે

(પ્રતિનિધિ) વડોદરા,તા.2

રાજ્યમાં ચૂંટણીની તારીખ જાહેર થતાં વિવિધ રાજ્ય સ્તરની પરીક્ષાઓમાં ફેરફાર કરવામાં આવ્યા છે. ગુજરાત પબ્લિક સર્વિસ કમિશન (GPSC) દ્વારા પણ પ્રાથમિક કસોટી પરીક્ષાના શેડ્યુલમાં મહત્વપૂર્ણ બદલાવ જાહેર કર્યો છે. અગાઉ 26 એપ્રિલ, 2026ના રોજ યોજાનારી જીપીએસસીની પરીક્ષા હવે 3 મે, 2026ના રોજ લેવાશે. ચૂંટણીને ધ્યાનમાં રાખીને લગભગ 10 પરીક્ષાઓની તારીખો પ્રભાવિત થઈ છે, જેથી પરીક્ષા કેન્દ્રો અને વ્યવસ્થાઓ પર કોઈ અસર ન પડે. જીપીએસસી દ્વારા ઉમેદવારોને સત્તાવાર વેબસાઈટ gpsc.gujarat.gov.in પર જઈને અપડેટેડ શેડ્યુલ તપાસવા સૂચના આપવામાં આવી છે. તેમજ ઉમેદવારોને તૈયારી માટે પૂરતો સમય આપવામાં આવ્યો હોવાની ખાતરી પણ આપવામાં આવી છે.

## નોકરી કરતી મહિલા સાથે ઓફિસ માલિક-મેનેજરની 1.92 લાખની ઠગાઈ

**મંગળસૂત્ર** ગીરવે મૂકી લોન કરાવી ખાતામાંથી ટ્રાન્સફર કરાવ્યા રૂપિયા

**મોબાઈલ** એપથી લોન લઈ પૈસા ટ્રાન્સફર, ક્રેડિટ કાર્ડનો પણ દુરુપયોગ

(પ્રતિનિધિ) વડોદરા, તા. 01

વડોદરા જિલ્લાના ઉંડેરા ગામે રહેતી 35 વર્ષીય કોમ્પ્યુટર ઓપરેટર મહિલાને ઓફિસના માલિક અને મેનેજર દ્વારા તાત્કાલિક જરૂરિયાત બતાવી વિવિધ રીતે કુલ રૂ. 1.92 લાખથી વધુની ઠગાઈ કરાઈ હોવાનો બનાવ સામે આવ્યો છે. વારંવાર રૂપિયા પરત માંગવા છતાં આરોપીઓએ ચૂકવણી ન કરતાં અંતે ઓફિસ બંધ કરી બંને ફરાર થઈ ગયા હતા. આ અંગે મહિલાએ પોલીસમાં ફરિયાદ નોંધાવી છે.

ફરિયાદ મુજબ, મહિલા જુલાઈ 2025થી વડોદરાની શ્રીજી હેલ્પ સેન્ટરમાં માસિક રૂ. 10 હજારના પગાર પર નોકરી કરતી હતી. ઓફિસના માલિક મોહન મેરીયાએ તાત્કાલિક જરૂરિયાત બતાવી પહેલા રૂ. 19,800 ટ્રાન્સફર કરાવ્યા હતા. બાદમાં ફરી રૂ. 50,000 માંગતા મહિલાએ પોતાનું મંગળસૂત્ર ગીરવે મૂકી રૂ. 49,500 ગુગલ પે મારફતે આપ્યા હતા. એક મહિનામાં રૂપિયા પરત આપવાની ખાતરી છતાં રકમ પરત આપવામાં આવી નહોતી.

આગળ ચાલીને માલિક મોહન મેરીયા અને મેનેજર મનિષ શાહે મહિલાના મોબાઈલમાં મની વ્યૂ એપ ડાઉનલોડ કરી તેની જાણ વગર રૂ. 1 લાખની લોન લીધી અને તેમાંથી રૂ. 90,000 પોતાની ખાતામાં ટ્રાન્સફર કરી લીધા હતા. ઉપરાંત મહિલાનું યસ બેંક ક્રેડિટ કાર્ડ ઉપયોગમાં લઈને રૂ. 33,000નો ખર્ચ પણ કર્યો હતો. કુલ રૂ. 1,92,300ની રકમ મેળવ્યા બાદ બંને આરોપીઓ જાન્યુઆરી 2026થી ફોન બંધ કરી ઓફિસ બંધ કરીને ફરાર થઈ ગયા હતા. પોલીસે બંને વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

### નાગરિકોને રાહત : મુખ્ય કચેરીએ ધક્કા ખાવાની જરૂર નહીં રહે

## તમામ 19 વોર્ડ ઓફિસોમાં જ નવા ગેસ કનેક્શનની અરજીઓ સ્વીકારાશે

**VGLએ** સેવાઓનું વિકેન્દ્રિકરણ કરવાનો નિર્ણય લીધો

(પ્રતિનિધિ) વડોદરા તા.2

વડોદરા શહેરમાં PNG ગેસ કનેક્શન મેળવવા ઈચ્છતા નાગરિકો માટે હવે મોટી રાહતની જાહેરાત કરવામાં આવી છે. વડોદરા ગેસ લિમિટેડ (VGL) દ્વારા લેવાયેલા મહત્વપૂર્ણ નિર્ણય મુજબ હવે ગેસ કનેક્શન માટે મુખ્ય કચેરીએ ધક્કા ખાવાની જરૂર નહીં રહે. શહેરના તમામ 19 વોર્ડ ઓફિસોમાં જ નવી અરજીઓ સ્વીકારવામાં આવશે, જેથી નાગરિકોને નજીકમાં જ સેવા મળી રહેશે.

છેલ્લા કેટલાક સમયથી પાઈપ્ડ નેચરલ ગેસ (PNG) કનેક્શન માટે લોકોમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે. ગત મંગળવારે જાહેર રજા હોવા છતાં 300થી વધુ અરજીઓ મળવી એ વધતી માંગનો સ્પષ્ટ પુરાવો છે. મુખ્ય કચેરીએ વધતા ધસારાને કારણે નાગરિકોને લાંબા સમય સુધી રાહ જોવી પડતી હતી, જેને ધ્યાનમાં રાખીને VGLએ સેવાઓનું વિકેન્દ્રિકરણ કરવાનો નિર્ણય લીધો છે.

હવે નાગરિકો પોતાના વિસ્તારની વોર્ડ ઓફિસમાં જઈને સરળતાથી અરજી કરી શકશે. આ પગલાથી સમય અને મુસાફરી ખર્ચમાં બચત થશે તેમજ ભીડ પણ ઓછી થશે. સાથે જ, અરજી પ્રક્રિયા વધુ ઝડપી બનવાની આશા વ્યક્ત કરવામાં આવી રહી છે.

આ સાથે જ, ડિજિટલ સુવિધાને પણ મહત્વ આપીને VGLએ ઓનલાઈન અરજી કરવાની વ્યવસ્થા શરૂ કરી છે. જે નાગરિકો ઓફિસ સુધી જઈ શકતા નથી, તેઓ કંપનીના સત્તાવાર પોર્ટલ પર જઈ જરૂરી વિગતો ભરી અને દસ્તાવેજો અપલોડ કરીને ઘર બેઠા અરજી કરી શકશે.

શહેરની તમામ 19 વોર્ડ ઓફિસોમાં જરૂરી વ્યવસ્થાઓ ઉભી કરી દેવામાં આવી છે, જેથી અરજીઓ સરળતાથી સ્વીકારાઈ શકે. VGLના આ નિર્ણયથી મુખ્ય કચેરી પરનું ભારણ ઘટશે અને ગેસ કનેક્શન આપવાની પ્રક્રિયામાં ગતિ આવશે તેવી આશા વ્યક્ત કરવામાં આવી રહી છે. ગેસ વિભાગના અધિકારી જીજ્ઞેશ ગોહિલે નાગરિકોને અપીલ કરી હતી કે તેઓ વહેલી તકે પોતાના વિસ્તારની વોર્ડ ઓફિસ અથવા ઓનલાઈન માધ્યમનો ઉપયોગ કરીને અરજી કરે અને આ સુવિધાનો લાભ લે.